पुणा International School
Shree Swaminarayan Gurukul, Zundal

| SUMMATIVE ASSIGNMENT -1 2021-22 |
| --- |
| ધોરણ- 7 વિષય – ગુજરાતી |
| Syllabus – CH-1,2,3,4,5,6,7 FROM TEXTBOOK |

## [ READING SECTION] વાંચનકાર્ય

### પ્રશ્ન 1 (અ) નીચેનો ફકરો વાંચી તેનાં પ્રશ્નોનાં જવાબ લખો.

1) વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો છોડતા નથી. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા – કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ જીવન સાર્થક કરે છે.

પ્રશ્નો 1 ) વૃક્ષોનું જીવન આપણને શું શીખવે છે ?
2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ?
3) કોનું જીવન નિરર્થક છે ?
4) કાગડા – કૂતરાનું જીવન કોને કહેવાય?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

2) હવાનું પ્રદૂષણ, પાણીનુ પ્રદૂષણ તેમ અવાજનું પ્રદૂષણ પણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ એક ચિંતાનો વિષય છે. ઘરમાં શાળામાં,સભામાં કે રમતના મેદાનમાં મોટેથી વાતો કરવી એ કુટેવ છે. એવી જ રીતે રેડિયો કે ટેલિવિઝનનો અવાજ મોટો રાખવો એ શિષ્ટાચારની વિરુધ્ધ છે. નવરાત્રિ કે લગ્નપ્રસંગે રાતે મોડે સુધી કાનનાં પડદા તોડી નાખે એવો લાઉડસ્પીકરનો અવાજ રાખવો એ સામાજિક દૂષણ છે. અવાજનું પ્રદૂષણ ઘટાડવું એ શું આપણા હાથમાં નથી ? આવો, આપણે સાથે મળી અવાજનું પ્રદૂષણ ઘટાડવાનો સંકલ્પ કરીએ. આપણે ઘર, શાળા, સભા, કે મેદાન પર શાંતિ

જાળવીશું. રેડિયો અને ટેલિવિઝનનો અવાજ બહુ ધીમો રાખીશું. નવરાત્રિ કે લગ્ન જેવા પ્રસંગે લાઉડસ્પીકરનો મર્યાદિત ઉપયોગ કરીશું.

પ્રશ્નો 1 ) આપણા સૌ માટે ચિંતાનુ કારણ ક્યુ છે ?
2) ક્યા પ્રસંગોએ રાતે મોડે સુધી લાઉડસ્પીકરનો ઉપયોગ થાય છે?
3) શું કરવું શિષ્ટાચારની વિરુધ્ધ છે ?
4) અવાજનું પ્રદૂષણ ઘટાડવા આપણે ક્યો સંકલ્પ કરીશું?
5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

પ્રશ્ન 1 (બ) નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

પગલે પગલે સાવધ રહીને
પ્રેમળતા પ્રગટાવ્યે જા.
અંતરને અજવાળી વીરા
પંથ તારો કાપ્યે જા.
કાંટા આવે, કંકર આવે, ધોમ ધખતી રેતી આવે,
ખાંડાની ધારે ને ધારે, ધૈર્ય ધરી ચાલ્યો જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.
હિંમત તારી ખોતો ના, સ્વાર્થ સામે જોતો ના,
શિસ્ત, શાંતિ ને સેવાનો તુ, પાઠ સૌને આપ્યે જા.
દુર્ગમ પંથ કાપ્યે જા.

પ્રશ્નો : 1) કવિએ પંથ કેવી રીતે કાપવાની વાત કરી છે ?
2) ખાંડાની ધારે કેવી રીતે ચાલવાનું કહે છે ?
3) કવિ કોને અજવાળવાનું કહે છે ?
4) રસ્તે ચાલતા વચ્ચે શું આવે છે ?
5) કવિ સૌને શું આપવા કહે છે ?

## [WRITING SECTION ] લેખનકાર્ય

**પ્રશ્ન 2 (અ) નીચેના વિશે નિબંધ લખો.**

1) ચબૂતરો 2) નવરાત્રી

**પ્રશ્ન 2 (બ) નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.**

એક ખેડૂત - ચાર દીકરા - દીકરા વચ્ચે કુસંપ - ખેડૂતને ચિંતા - ખેડૂતની માંદગી - ચારે દીકરાને બોલાવવાં - લાકડીઓની ભારી મંગાવવી - દરેક દીકરાને લાકડીઓની ભારી ભાંગવા કહેવું - ભારી ન ભાંગી શક્યા - લાકડીઓ છૂટી પાડી એક એક લાકડી ભાંગવા કહેવું - એક એક લાકડીઓ તરત ભાંગી શક્યાં - બોધ.

## એકતામાં જ સાચી તાકાત છે

એક ખેડૂત હતો. તેના ચાર દીકરા હતા. બધા એકબીજાની જોડે રહેતા હતા પરંતુ એક દિવસ કોઇ બાબતે તેમની વચે ઝગડો થયો. અને બધા વચ્ચે કુસંપ થયો ખેડૂતને ચિંતા થવા લાગી અને એક દિવસ તે બીમાર પડ્યો તેને લાગ્યુ કે હવે હું વધારે જીવી નહિ શકુ, પરંતુ દિકરાઓ વચ્ચે કુસંપ હોવાથી તે વધારે ચિંતિત રહેતો હતો.

એક દિવસ એને દરેક દિકરાને બોલાવ્યા અને એક લાકડાની ભારી લાવવાનું કહ્યું અને દરેક દિકરાને ભારી ભાંગવાનું કહ્યું પણ તે ભારી ભાંગી શક્યા નહિ. ત્યારબાદ તેમણે તે ભારી છોડી નાખી અને એક એક લાકડી ભાંગવા કહ્યું બધાયે તરત લાકડી ભાંગી નાખી. આમ દરેક દિકરાને એક્તાની તાકાત સમજાઇ ગઇ.

આમ, દરેક દીકરાઓ સંપથી સાથે રહેવા લાગ્યા.

2) એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ –' વધારે વજન ઊંચકવું નહિ પડે,' એવો દુકાનદારનો જવાબ- ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – પૂરા પૈસા ચૂકવવા માટે દુકાનદારની માગણી –'પૈસા વધારે ગણવા નહિ પડે' ગ્રાહકનો જવાબ - બોધ.

## જેવા સાથે તેવા

એક ગામમાં એક કરિયાણાની દુકાન હતી એ દુકાનદાર બહુ જ ચાલાક હતો. તે બધા ગ્રાહકને ઓછી વસ્તુ તોલીને આપતો હતો. બધા ગ્રાહકો તેનાથી પરેશાન હતા પણ કોઇ કાઇ બોલતુ નહિ.

એક વખત એક ગ્રાહક તે વેપારીને ત્યાં ખાંડ ખરીદવા આવ્યો ત્યારે પરંતુ તે કરિયાણાના દુકાનદારે તેને ખાંડ ઓછી તોલી તો ગ્રાહકે તેને ફરિયાદ કરી કે ભાઇ આ ખાંડ તો ઓછી છે તો દુકાનદારે કહ્યું કે ભાઇ વજન વધું ઊંચકવું નહિ પડે, ગ્રાહકને ગુસ્સો આવ્યો પણ તે કાઇ બોલ્યો નહિ પરંતુ તેને બદલો લેવાનું નક્કી કર્યું તેને દુકાનદારને ઓછા પૈસા આપ્યા. તો દુકાનદારે ફરિયાદ કરી તો ગ્રાહકે એવુ કહ્યું કે પૈસા વધારે ગણવા નહિ પડે.

દુકાનદાર સમજી ગયો અને બધાને ઓછી વસ્તુ આપવાનું છોડી દીધું.

## [GRAMMAR SECTION] વ્યાકરણ

### પ્રશ્ન- 3 નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | લોકો | = | માણસો | 2) | દયાળું | = | પ્રેમાળ |
| 3) | ખૂબ | = | વધારે | 4) | પ્રેમથી | = | સ્નેહથી |
| 5) | સીડી | = | નિસરણી | 6) | મુશ્કેલી | = | તકલીફ |
| 7) | પાત્ર | = | સાધન | 8) | ખુશ | = | આનંદી |
| 9) | આંખ | = | નેત્ર | 10) | દરિયો | = | સાગર |
| 11) | નાદ | = | અવાજ | 12) | વૃક્ષ | = | ઝાડ |
| 13) | ફૂલ | = | પુષ્પ | 14) | પગ | = | ચરણ |
| 15) | નવાઈ | = | આશ્ચર્ય | 16) | કિંમત | = | મૂલ્ય |
| 17) | દુનિયા | = | વિશ્વ | 18) | ઓજાર | = | સાધન |
| 19) | આનંદ | = | ખુશી | 20) | પર્વત | = | પહાડ |
| 21) | નજીક | = | પાસે | 22) | કિનારો | = | તટ |
| 23) | શિલા | = | પથ્થર | 24) | લાભ | = | ફાયદો |
| 25) | જળ | = | પાણી | 26) | ખબર | = | જાણ |

### પ્રશ્ન – 4 નીચેના શબ્દોના વિરૂધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | દિવસ | x | રાત | 2) | નાના | x | મોટા |
| 3) | થોડું | x | વધારે | 4) | ઉંચો | x | નીચો |
| 5) | પહોળું | x | સાંકડું | 6) | વિરાટ | x | વામન |
| 7) | નજીક | x | દૂર | 8) | અંધારુ | x | અજવાળું |
| 9) | જૂઠું | x | સાચુ | 10) | વિશ્વાસ | x | અવિશ્વાસ |
| 11) | ફિકર | x | બેફિકર | 12) | વેચવું | x | ખરીદવું |
| 13) | શક્તિ | X | અશક્તિ | 14) | વિચાર | X | કુવિચાર |
| 15) | સત્ય | X | અસત્ય | 16) | પાત્ર | X | કુપાત્ર |
| 17) | ટેવ | X | કુટેવ | 18) | શક્ય | X | અશક્ય |
| 19) | સંપ | X | કુસંપ | 20) | સંગ | X | કુસંગ |
| 21) | પૂર્વ | X | પશ્ચિમ | 22) | સુંદર | X | કદરૂપું |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 23) | ઊંચે | X | નીચે | 24) | અજવાળું | X | અંધારું |
| 25) | લાંબી | X | ટૂંકી | 26) | સુખ | X | દુ:ખ |

## પ્રશ્ન – 5 નીચેના શબ્દોની જોડણી સુધારો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ગૃહસથ | - | ગૃહસ્થ | 2) | સ્થીતી | - | સ્થિતિ |
| 3) | તબિઅત | - | તબિયત | 4) | સૂલોચના | - | સુલોચના |
| 5) | નિચ્છ્ય | - | નિશ્ચય | 6) | નઉકાવિહાર | - | નૌકાવિહાર |
| 7) | શુરવિર | - | શૂરવિર | 8) | અણિદાર | - | અણીદાર |
| 9) | આજ્ઞાકિત | - | આજ્ઞાંકિત | 10) | જિવાદોરિ | - | જીવાદોરી |

## પ્રશ્ન – 6 નીચેની ખાલી જગ્યા પૂરો.

1) તે દિવસે <u>હવા</u>માં શરદી હતી. ( દવા, હવા )
2) તમે ચા નથી <u>પીતા</u>તે ઘણું સારું. ( પિતા, પીતા)
3) આ <u>ઘર</u> તમને ફાવે છે કે નહિ? ( ઘર, ધર )
4) કેમ તબિયત તો <u>સારી</u> છે ને? ( શારી, સારી )

## પ્રશ્ન – 7 નીચે આપેલા શબ્દોને શબ્દકોશ પ્રમાણે ગોઠવો

1) નિશા, પંખી, ઉપવન, ગિરિવર, માછલી, ધરતી.
જ) ઉપવન, ગિરિવર, ધરતી, નિશા, પંખી, માછલી.

2) સુંદર, સરસ, સૈનિક, સફેદ, સિંચાઈ સ્નાન.
જ) સફેદ, સરસ, સિંચાઈ, સૈનિક, સુંદર, સ્નાન.

3) રાસલીલા , મુંખડું , આભ , રાધાગોરી , રઢિયાળો , રાસ .
જ) આભ, મુંખડું , રઢિયાળો, રાધાગોરી, રાસ , રાસલીલા .

4) ટેવ, ઈંદ્રિય, શરદી ઉધરસ, ભૂલ.

જ) ઈંદ્રિય, ઉધરસ, ટેવ, ભૂલ, શરદી.

**પ્રશ્ન – 8 નીચેના શબ્દ સમુહ માટે એક શબ્દ આપો.**

| | | | |
|---|---|---|---|
| 1) | હોડીમાં બેસીને ફરવું તે | = | નૌકાવિહાર |
| 2) | સાંબેલા જેવી જાડી ધાર | = | મુશળધાર |
| 3) | ધનુષ્યનાં જેવું અર્ધગોળાકાર સપ્તરંગી દ્રશ્ય | = | મેઘધનુષ્ય. |
| 4) | નદી કે દરિયા વચ્ચે આવેલો જમીન ભાગ | = | બેટ |
| 5) | લોકોનું ભરણપોષણ કરનાર | = | લોકમાતા |

## [ LITRATURE SECTION ] <u>સાહિત્ય</u>

**પ્રશ્ન – 9 નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો.**

1) ચબુતરો કોના માટે બાંધવામાં આવ્યો હશે?

જ) ચબુતરો પક્ષીઓ માટે બાંધવામાં આવ્યો હશે.

2) ચબુતરામાં શું નાંખવામાં આવે છે?

જ) ચબુતરામાં દાણાં નાંખવામાં આવે છે.

3) પંખીને પાણી પીવા માટે શી વ્યવસ્થા કરવામાં આવી છે?

જ) પંખીને પાણી પીવા માટે એક પાત્રની વ્યવસ્થા કરવામાં આવી છે.

4) નિસરણીનો શો ઉપયોગ થતો હશે?

જ) ચબૂતરો થોડો ઉંચો હોવાથી ત્યાં દાણા અને પાણી નાંખવા અને ઉપર ચઢવા માટે નિસરણીનો ઉપયોગ થાય છે.

5) કવિ પ્રકુતિમાં કોના દર્શન કરે છે?

જ) કવિ પ્રકુતિમાં ઈશ્વરનાં દર્શન કરે છે.

6) કવિ કોને ભગવાનની આંખ ગણે છે?

જ) કવિ સરોવરને ભગવાનની આંખ ગણે છે.

7) ઈશ્વર સંતાકૂકડી ક્યાં રમી રહ્યો છે?

જ) ઈશ્વર સંતાકૂકડી મેઘધનુષ્યનાં રંગોમાં રમી રહ્યો છે.

8) ઈશ્વર કયાં સ્વરૂપે સોગાદ આપે છે?

જ) ઈશ્વર ફૂલોની સુગંધ અને તેમના રંગો સ્વરૂપે સોગાદ આપે છે.

9) હોડીને કોણ હંકારતુ હશે?

જ) હોડીને ભગવાન હંકારતા હશે.

10) મોચી ભગત સ્વભાવે કેવા હતા?

જ) મોચી ભગત સ્વભાવે પ્રામાણિક હતા.

11) મોચીભગત નવા ઓજારો ક્યારે વસાવી શક્યા?

જ) મોચીભગત નવા ઓજારો બાર મહિના પછી વસાવી શક્યા.

12) માણસના હાથ – પગ વિશે મોચી ભગત શું માને છે?

જ) માણસના હાથ – પગ વિશે મોચી ભગત માને છે કે , " ભગવાને હાથ- પગ કઈ બેઠા – બેઠા ખાવા માટે નહિ, કામ કરવા આપ્યા છે."

13) છેલ્લે મોચી ભગત સાધુ વિશે શું કહે છે?

જ) છેલ્લે મોચી ભગત સાધુ વિશે શું કહે છે " આપ ખરા સાધુ! "

14) આકાશમાં શું – શું સુંદર દેખાય છે?

જ) આકાશમાં સૂરજ , ચાંદો , તારા , સુંદર દેખાય છે.

15) કવિના મનમાં બધુ જ સુંદર જોઈને શો વિચાર આવે છે?

જ) કવિના મનમાં બધુ જ સુંદર જોઈને વિચાર આવે છે કે " આ સુંદરતાનુ સર્જન કરનાર ભગવાન કેવા હશે?.

16) ' પરોઢ અને રાત સુંદર છે'. – કઈ પંક્તિમાં આ ભાવ વ્યક્ત થયો છે?

જ) ' પરોઢ અને રાત સુંદર છે' આ ભાવ ' ઉષા સુંદર નિશા સુંદર' પંક્તિમાં વ્યક્ત થયો છે.

17) ધરતી પર શું- શું સુંદર દેખાય છે?

જ) ધરતી પર સરિતા અને સરોવર, સવાર અને રાત્રી, વન, ઉપવન અને ગિરિવર, માછલી, પંખી,પવન તેમજ માનવહૈયું સુંદર છે.

18) ગળે પડવાની ટેવ કઈ બીમારીને વધારે હોય છે?

જ) ગળે પડવાની ટેવ શરદીની બીમારીને વધારે હોય છે.

19) લેખક્ને આવકાર આપતાં સદગૃહસ્થ ક્યું વાક્ય બોલે છે?

જ) લેખક્ને આવકાર આપતાં સદગૃહસ્થ આ વાક્ય બોલે છે: " ઓહો! આજ કંઈ આ તરફ ? કેમ તબિયત તો સારી છે ને?"

20) લેખકે કોકોની વાત વખતે ડોકું શા માટે હલાવ્યુ?

જ) લેખકે કોકોની વાત વખત ડોકું હલાવ્યું , કારણ કે જો પોતે મોઢેથી બોલશે તો ચા અને કોફીની જેમ કોકોય ગુમાવશે.

21) નર્મદા નદી કયાં સરોવરમાંથી નીકળે છે?

જ) નર્મદા નદી અમરકંટક સરોવરમાંથી નીકળે છે.

22) નર્મદાનો શો અર્થ થાય છે?

જ) નર્મદાનો અર્થ થાય છે કે આનંદ આપનારી.

23) ગુજરાતમાં નર્મદાએ બનાવેલો બેટ કયાં નામે ઓળખાય છે?

જ) ગુજરાતમાં નર્મદાએ બનાવેલો બેટ કબીરવડનાં નામે ઓળખાય છે.

24) નર્મદા નદી કયાં શહેર પાસે સાગરને મળે છે?

જ) નર્મદા નદી ભરૂચ શહેર પાસે સાગરને મળે છે.

25) રાધા કોના કરતા સુંદર છે?

જ) રાધા જમુના નદી કરતા સુંદર છે.

26) રાસ ક્યારે રચાયો છે?

જ) રાસ આભમાં પુનમનો ચાંદ ઉગ્યો ત્યારે રચાયો છે.

27) રાસમાં કોણ – કોણ રમે છે?

જ) રાસમાં શ્રી કૃષ્ણ , રાધા અને ગોપીઓ રમે છે.

28) શ્રી કૃષ્ણ ક્યાં બેસીને બંસી વગાડે છે?

જ) શ્રી કૃષ્ણ કદંબના ઝાડ ઉપર બેસીને બંસી વગાડે છે.

29) રાધિકા કોની પાસે શું માંગે છે?

જ) રાધિકા શ્રી કૃષ્ણ પાસે તેમનુ ખોવાયેલું મોતી માંગે છે.

## પ્રશ્ન – 10 નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) ચબુતરા વિશે ચાર – પાંચ વાક્યો લખો.

જ) ચબુતરો દરેક ગામમાં હોય છે. ચબુતરો પક્ષીઓને દાણાં નાંખવા માટે બનાવાય છે. લોકો દાનમાં ચબુતરા બંધાવે છે.ચબુતરો ગામની વચ્ચે હોય છે. ચબુતરામાં દાણાં – પાણી નાંખવામાં આવે છે.

2) સાધુને ક્યારે નવાઈ લાગી ?

જ) ઘણા સમય પછી સાધુ જ્યારે મોચીને મળ્યા ત્યારે મોચીએ સાધુને કહ્યુ" ઓજાર બગાડી ગયા હતા તે ને તમે સાધુ મહારાજ ! " ત્યારે સાધુને નવાઈ લાગી.

3) મોચીની પ્રામાણિક્તાનો બદલો સાધુએ કેવી રીતે વાળ્યો?

જ) મોચીની પ્રામાણિક્તાનો બદલો સાધુએ મોચીનાં ઓજારો સોનાના બનાવીને વાળ્યો.

4) મોચીને ક્યારે દુ: ખ થયુ?

જ) મોચીને દુ: ખ ત્યારે થયુ જ્યારે સાધુ મહારાજે લોખંડના ઓજારો સોનાના બનાવી દીધા.

5) લેખક્ને પેલા સજ્જ્ન વિશેની કઈ વાતની ખબર ન હતી?

જ) લેખક્ને પેલા સજ્જ્ન વિશેની એ વાતની ખબર ન હતી કે પેલા સજ્જ્નની બીજી ઈંદ્રિયો કરતાં કાન કંઈક ઓછું કાર્ય કરે છે.

6) લેખક સજ્જનને મળે છે તે વખતની બંનેની સ્થિતી કેવી હતી?

જ) લેખક સજ્જનને મળ્યા તે વખતે લેખકનો અવાજ ઠેઠ ઊંડો ઉતરી ગયેલો હતો અને એ સજ્જનના કાન શરદીના કારણે વધારે અશક્ત બન્યા હતા.

7) સજ્જનને સમજવામાં કંઈક ભૂલ કરી છે તેવુ લેખકને ક્યારે લાગ્યુ?

જ) લેખક જ્યારે સજ્જનને મળે છે ત્યારે લેખકને પૂછે છે કે કેમ તબિયત તો સારી છેને ?

ત્યારે સજ્જન કઈંક અલગ જ જવાબ આપે છે ત્યારે લેખકને ખબર પડે છે કે જરૂર સજ્જનને સમજવામાં કંઈક ભૂલ કરી છે.

**8)** ' પંખીની પાંખે પ્રવાસ કરવો ' એટલે શું?

**જ)** ' પંખીની પાંખે પ્રવાસ કરવો ' એટલે – ઉડતા પક્ષીની ઝડપથી પ્રવાસ કરવો.

**9)** નર્મદા ભારતના કયા બે ભાગ પાડે છે?

**જ)** નર્મદા ભારતના બે ભાગ પાડે છે – અ) ઉપરનો ભાગ ઉતર ગુજરાત
બ) નીચેનો ભાગ દક્ષિણ ગુજરાત

**10)** નર્મદાને ' રેવા ' શા માટે કહે છે?

**જ)** 'રેવા ' એટલે ' કુદનારી ' નર્મદા ક્યાંક એકદમ શાંત છે , તો ક્યાંક દોડતી કૂદતી વહે છે. ક્યાંક એ ધોધ બની જાય છે અને ક્યાંક એ ધીરગંભીર પ્રવાહની જેમ વહે છે તેથી તેને રેવા કહે છે.